રાજ્યમાં ૨૪ કલાકમાં કોરાનાનો રેકોર્ડ : નવા ૯૪૯ કેસ

કોરોનાના સુરતમાં ૨૩૪ નવા કેસ નોંધાયા : કોરોનાના સંક્રમિતનો કુલ આંકડો ૪૬ હજારને પાર, રાજ્યમાં ૧૭ના મૃત્યુ સાથે કુલ મૃત્યુઆંક ૨૧૦૮ : રાજ્યમાં ૧૧૪૬૪ એક્ટિવ કેસ છે

ગાંધીનગર,તા.૧૭ રાજ્યમાં સતત પાંચમા દિવસે કોરોના પોઝિટિવનો આંકડો ૯૦૦ને પાર નોંધાયો છે. આજે રાજ્યમાં ૧૨૮૩૦ ટેસ્ટ કોરોનાના કરવામાં આવતા ૯૪૯ કેસ પોઝિટિવ નોંધાયા હતા. આ સાથે રાજ્યમાં કુલ સંક્રમિતનો આંકડો ૪૬ હજારને પાર થઈ ૪૬૫૧૬ કેસ નોંધાયા છે. રાજ્યમાં આજે કોરોનાના ૧૭ દર્દીઓના મોત થતા કુલ મૃત્યુઆંક ૨૧૦૮ થયો છે. રાજ્યમાં આજે ૭૭૦ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવતા કુલ ડિસ્ચાર્જ કરવાનો આંકડો ૩૨૯૪૪ થયો છે. રાજ્યમાં હાલની સ્થિતિએ ૧૧૪૬૪ એક્ટિવ કેસ છે. જેમાં ૭૧ વેન્ટીલેટર પર ૧૧૩૯૩ દર્દી સ્ટેબલ છે.રાજ્યમાં અત્યાર સુધીમાં ૫ લાખ ૧૨ હજાર ટેસ્ટ કુલ કરવામાં આવતાં કોરોનાથી સંક્રમિત કુલ કેસનો આંકડો ૪૬૫૧૬ આજ દીન સુધી નોંધાયા છે.ગુજરાતના આરોગ્ય વિભાગના સામે સતત ઓછા ટેસ્ટ કરવાનો આરોપ છે. પરંતુ છેલ્લા બે દિવસથી આરોગ્ય વિભાગે કોરોના ટેસ્ટ વધારી દીધા છે. આજે ૫ લાખને પાર કુલ ટેસ્ટ પહોંચ્યા હતાં.રાજ્યમાં ૨૪ કલાકમાં કોવિડના કારણે ૧૭ દર્દીઓના મોત થયા છે. અમદાવાદ કોર્પોરેશનમાં ૫, સુરત કોર્પોરેશનમાં ૫, રાજકોટ કોર્પોરેશનમાં ૨, ભાવનગરમાં કોર્પોરેશન અને જીલ્લામાં ૧-૧, ગાંધીનગર કોર્પોરેશનમાં ૧, પાટણમાં ૧ અને વડોદરામાં ૧ દર્દીના મોત થયા છે.રાજયના ૮ કોર્પોરેશન અને ૨૯ જીલ્લામાં કોરોનાના કેસ નોંધાયા છે.અમદાવાદમાં કોરોનાના કુલ સંક્રમિતોનો આંકડો ૨૩૯૬૪ અને કુલ મૃત્યુઆંક ૧૫૩૭ થયો છે.સુરતમાં કોરોનાના કુલ સંક્રમિતોનો આંકડો ૯૧૪૧ અને કુલ મૃત્યુઆંક ૨૩૯ થયો છે.વડોદરામાં કોરોનાના કુલ સંક્રમિતોનો આંકડો ૩૪૩૦ અને કુલ મૃત્યુઆંક ૫૫ થયો છે.રાજ્યમાં આજની સ્થિતિએ ૩,૭૪,૫૫૯ વ્યક્તિઓ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યાં છે.જે પૈકી ૩,૭૨,૩૫૬ વ્યક્તિઓ હોમ ક્વોરન્ટાઈન છે.અને ૨૨૦૩ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરન્ટાઈનમાં રાખવામાં આવી છે

ક્યા જિલ્લામાં કેટલા કેસ

શહેર	કેસ	મૃત્યુ	ડીસ્ચાર્જ
અમદાવાદ	૨૩૯૬૪	૧૫૩૮	૧૮૭૯૨
સુરત	૯૧૪૧	૨૪૫	૫૯૭૯
વડોદરા	૩૪૩૦	૫૫	૨૭૦૩
રાજકોટ	૮૭૬	૧૯	૨૭૦
ભાવનગર	૮૪૨	૧૭	૨૫૩
ગાંધીનગર	૧૦૨૩	૩૮	૭૦૬
કચ્છ	૨૯૯	૦૭	૧૭૬
મહેસાણા	૫૩૩	૧૪	૨૩૧
ગીર-સોમનાથ	૧૬૮	૦૧	૫૩
પોરબંદર	૩૦	૦૨	૨૨
પંચમહાલ	૨૭૯	૧૬	૨૦૯
પાટણ	૩૨૮	૨૦	૨૩૫
છોટાઉદેપુર	૯૨	૦૨	૬૦
જામનગર	૪૨૧	૦૬	૨૦૪
મોરબી	૧૨૪	૦૪	૬૨
સાબરકાંઠા	૨૯૫	૦૮	૧૮૯
આણંદ	૩૪૨	૧૩	૨૯૭
દાહોદ	૨૧૪	૦૨	૬૦
ભરૂચ	૫૫૮	૧૧	૩૦૭
બનાસકાંઠા	૪૦૫	૧૫	૩૧૬
ખેડા	૪૦૯	૧૪	૧૪૨
બોટાદ	૧૩૯	૦૩	૮૭
નર્મદા	૧૨૨	૦૦	૯૮
અરવલ્લી	૨૬૦	૨૪	૨૨૨
મહીસાગર	૨૦૦	૦૨	૧૪૩
નવસારી	૩૨૮	૦૩	૧૮૦
તાપી	૫૮	૦૦	૩૯
વલસાડ	૪૦૮	૦૫	૧૬૭
જૂનાગઢ	૪૯૮	૦૭	૩૦૧
સુરેન્દ્રનગર	૪૧૩	૦૮	૧૫૫
દેવભૂમિ દ્વારકા	૩૦	૦૩	૨૩
ડાંગ	૦૭	૦૦	૦૪
અમરેલી	૨૦૩	૦૯	૯૫
કુલ	**૪૬૫૧૬**	**૨૧૦૮**	**૩૨૯૪૪**

મહેસાણા આરટીઓ દ્વારા વાહન ફીટનેશ કેમ્પ કાર્યક્રમ યોજાશે

મહેસાણા, તા. ૧૭ મહેસાણા જિલ્લામાં ૧૦ જુલાઈ ૨૦૨૦ થી આર.ટી.ઓ. કચેરીઓએ હેડ ક્વાર્ટર સિવાયના તાલુકા કક્ષાના કેમ્પમાં તમામ પ્રકારના વાહનોના ઈન્સપેક્શન કરવા જણાવેલ છે. આથી ૨૦ જુલાઈ ૨૦૨૦ થી ૨૩ જુલાઈ ૨૦૨૦ સુધીમાં હાઈવે રોડ મંડાલી, ટુંડાલી ચોકડી તા. મહેસાણા ખાતે તેમજ ૨૭ જુલાઈ ૨૦૨૦ થી ૩૦ જુલાઈ ૨૦૨૦ સુધી સરદાર પટેલ કોટન માર્કેટ, છત્રાલ રોડ કડી ખાતે વાહન ફીટનેશ કેમ્પ કાર્યકર્મનું આયોજન કરેલ છે. જેનો સમય સવારે ૧૦ થી ૫ સુધીનો રહેશે તેમ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી મહેસાણાએ જણાવાયું છે.

સુરતમાં ૧૫ દિવસમાં ૧૦૦૦ બેડની કોવિડ હોસ્પિટલ ઉભી કરાઈ

ગાંધીનગરમાં ઈ લોકાર્પણ કરતા મુખ્યમંત્રી-નાયબ મુખ્યમંત્રી : ગુજરાતમાં કોરોના સંક્રમણ સામે સુદ્રઢ આરોગ્ય સુવિધાઓ-પગલાંઓથી સંક્રમણનો ફેલાવો અન્ય રાજ્યોની તુલનાએ વ્યાપક થતો અટક્યો છે

ગાંધીનગર, તા. ૧૭ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સુરતમાં નવી સિવીલ હોસ્પિટલ કેમ્પસમાં નિર્માણાધિન સ્ટેમસેલ હોસ્પિટલમાં તાત્કાલિક અસરથી યુદ્ધના ધોરણે ઉભી કરવામાં આવેલી ૧૦૦૦ બેડની કોવિડ-૧૯ ડેડીકેટેડ હોસ્પિટલનું ઈ લોકાર્પણ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલની ઉપસ્થિતીમાં ગાંધીનગરથી કર્યુ હતું.આ કોવિડ હોસ્પિટલમાં ૨૧૧ આઈસીયુ બેડ સાથે ૧૦૦૦ પથારીની સુવિધાઓ કોરોના સંક્રમિત દર્દીઓની સારવાર માટે ઉપલબ્ધ કરાવવામાં આવશે.

મુખ્યમંત્રીએ ૪ જુલાઈએ સુરતની કોરોના સ્થિતીની સમીક્ષા માટે લીધેલી મૂલાકાતવેળાએ તેમણે આ હોસ્પિટલ ઉભી કરવા આપેલી સૂચનાઓનો ખૂબ જ ટૂંકાગાળામાં ત્વરિત અમલ

કરીને સુરત જિલ્લાતંત્ર અને આરોગ્ય વિભાગે સ્ટેમલેસ હોસ્પિટલ ખાતે આ કોવિડ ડેડીકેટેડ હોસ્પિટલ તૈયાર કરી છે. વિજયભાઈ રૂપાણીએ માત્ર ૧૫ જ દિવસમાં આ ઝડપી અને અસરકારક કામગીરી માટે આરોગ્ય તંત્ર અને જિલ્લા વહિવટીતંત્રને અભિનંદન પાઠવ્યા હતા.

આરોગ્ય રાજ્યમંત્રી કિશોર કાનાણીએ સુરત ખાતે આ હોસ્પિટલની તકતીનું પ્રત્યક્ષ અનાવરણ કરીને તેને ખૂલ્લી મૂકી હતી.

મુખ્યમંત્રીએ વિશ્વવ્યાપી મહામારી કોવિડના સંક્રમણને ગુજરાતમાં રાજ્ય સરકારના આરોગ્યલક્ષી આયોજનબદ્ધ પગલાંઓથી વ્યાપક પ્રમાણમાં ફેલાતો અટકાવી શકાયો છે તેમ સ્પષ્ટપણે ઉમેર્યુ હતું.

તેમણે કહ્યું કે રાજ્યમાં કોરોના સંક્રમિત દર્દીઓની સારવાર-સુશ્રુષા માટે ક્યાંય કોઈ બેડ નથી તેવી ફરિયાદ નથી આવતી અને હાલમાં ૧૯ હજારથી વધુ પથારીની હોસ્પિટલોમાં વેન્ટીલેટર્સ અને દવાઓ સહિતની સુવિધાઓ પર્યાપ્ત મળી રહી છે.

સુરતમાં સરકારી હોસ્પિટલમાં ૧૫૦૦, ખાનગી હોસ્પિટલમાં ૮૦૦ બેડ્સ ઉપલબ્ધ હતા જેમાં આજે ૧૦૦૦ બેડ્સનો ઉમેરો કરવામાં આવ્યો છે, આમ કુલ ૩૩૦૦થી વધુ બેડ્સ સુરતમાં ઊભા કરવામાં આવ્યા છે.

વિશ્વના એકમાત્ર કુબેર ભંડારી મંદિરના દર્શન સોમવતી અમાસથી ભકતો કરી શકશે

કુબેર ભંડારી મંદિર તમામ સાધન સુવિધાથી સજ્જ

ભિલોડા, તા.૧૭ વિશ્વમાં એકમાત્ર કુબેર ભંડારીદાદા કરનાળી મંદિર ચાણોદ પાસે નર્મદા નદીના કિનારે આવેલુ છે જ્યાં લાખોની સંખ્યામાં ભાવિક ભક્તો કુબેર ભંડારીદાદાના દર્શને અમાસના

દિવસે ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશથી આવતા હોય છે. સમગ્ર વિશ્વ અને ભારત દેશમાં હાલના તબક્કે કોરોના વાઈરસ નામની મહામારીનો સામનો કરી રહ્યું છે. સરકારની માર્ગદર્શિકા અનુસાર તમામ દેવસ્થાન બંધ રાખવાનો નિર્ણય કરવામા આવ્યો હતો. છેલ્લી ચાર અમાસથી વિમુખ રહેલા ભક્તો માટે સોમવતી અમાસના દિવસથી દાદાના દર્શન કરી અમાસ દિને દર્શન કરી શકશે કુબેર ભંડારી મહાદેવ મંદિરના કપાટ ખુલ્યા પછીની પ્રથમ અમાસને અનુલક્ષી આજરોજ નવીન આયોજનથી ભક્તજનો અને દર્શનાર્થીઓ માટે દર્શનનું આયોજન કરેલ છે તેનું જીણવટપૂર્વક નિરીક્ષણ દર્ભાવતિના ધારાસભ્ય શૈલેષભાઈ મહેતા સોટ્ટા અને મંદિરના વ્યવસ્થાપક રજનીભાઈ પંડ્યા બાપુએ આજરોજ કર્યુ હતુ. સરકારની ગાઈડલાઈન મુજબ આવનાર દર્શનાર્થીઓને લાભ આપવામાં આવશે તેમજ સરકારના નિયમાનુસાર સોશીયલ ડિસ્ટન્સ, માસ્ક, સેનેટાઈઝ કરી ભક્તોને પ્રવેશ આપવામાં આવશે. ભાવિક ભક્તો દુધ, પ્રસાદી કે અન્ય કોઈ ભેટ ધરાવી શકશે નહી અન્યથા રોકડ રકમ કે દાન દાનપેટીમાં મુકવાનો આગ્રહ રાખશો. સોમવતી અમાસના દિવસે દાદાના દર્શન સવારે આઠથી સાંજે છ વાગ્યા સુધી કરી શકાશે. પરમ પુજ્ય રજનીદાદાના જણાવ્યા અનુસાર મંદિર પ્રશાસને તમામ પ્રકારની સુવિધાથી મંદિરને સજ્જ કરવામા આવ્યુ છે. ભક્તોએએ સરકારની ગાઈડલાઈનને અનુસરી માસ્ક પહેરી દર્શન કરવાના રહેશે. મંદિર પ્રશાસન દ્વારા સેનેટાઈઝ સ્પ્રે મશીન, થર્મલ સ્કિનિંગ કરી ભક્તોને પ્રવેશ આપવામા આવશે. બાપુએ ભક્તોને સાથ સહકાર આપવા તાકીદ કરી છે. કુબેર ભંડારી મંદિર કરનાલી ટ્રસ્ટના પ્રમુખએ ભક્તોએ શાંતીથી દર્શન કરવા અનુરોધ કર્યો છે. વહીવટીતંત્ર અને મંદિરના કર્મચારીઓ સોમવતી અમાસને ધ્યાનમાં લઈ તડામાર તૈયારીઓને આખરી ઓપ આપી રહ્યા છે. કર્ણરાજ ગોહિલ, બીપીન માછી અને સમગ્ર કુબેર ભંડારી કરનાલી ટીમ ભક્તોની સેવામાં ખડેપગે રહી કામગીરી કરી રહી છે.

સંયુક્ત બેઠક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કયું તંત્ર કઈ કામગીરી કરશે તેના વિધિવત્ હુકમો થઈ ગયા છે.

મળતી વિગતો પ્રમાણે તલાટીકમ મંત્રીઓ જાતિના દાખલા, આવકના દાખલા અંગેની કામગીરી કરશે. ગાંધીનગર મનપા દ્વારા જન્મ-મરણ નોંધણી, વેરા વસુલાત, રસ્તા, પાણી, ગટર વ્યવસ્થા તથા સફાઈની વ્યવસ્થા સંપૂર્ણ ખર્ચ સહિત કરશે. જાતિના દાખલા, આવકના દાખલા વિગેરે અંગેની કામગીરી કે જે તાલુકા વિકાસ અધિકારી દ્વારા કરાતી હતી તે કામગીરી મામલતદાર ગાંધીનગર દ્વારા કરવામાં આવશે.

જ્યારે જિલ્લા પંચાયત દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના, શૌચાલય, આંબેડકર આવાસ યોજના, પંડિત દિનદયાળ આવાસ યોજના ઉપરાંત કલ્યાણકારી યોજનાઓ જે શરૂ થયેલી છે પરંતુ પૂર્ણ ન થઈ હોય તે કામગીરી કરશે.

જિલ્લાના ૧૦ તલાટી ૩ માસની લોન સર્વિસ પર મનપામાં કામ કરશે. ગ્રામીણ વિસ્તારોમાં પ્રશ્નો જે ઉભા થયા છે તેને લઈ હવે તંત્રની ચિંતા પણ વધી છે બીજી તરફ મનપાએ પણ ચાર્જ સંપૂર્ણ રીતે સંભાળવા માટે ૧૦ દિવસનો સમય માગ્યો છે. જે નોંધનીય છે.

કેન્દ્રીય ટીમ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કન્ટેનમેન્ટ એરિયા, કોવિડ હોસ્પિટલના નિરીક્ષણ-મૂલાકાત કર્યા હતા. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ કેન્દ્રીય ટીમના સૂઝાવો-માર્ગદર્શનના આધાર પર રાજ્ય સરકાર ભાવિ રણનીતિ સ્ટ્રેટેજી ઘડીને કોરોના સામેનો જંગ જિતશે જ તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો.

શ્રી વિજયભાઈ રૂપાણીએ કેન્દ્રીય ટીમને રાજ્યમાં કોરોના સંક્રમણ નિયંત્રણ માટે દરેક જિલ્લામાં ડેડીકેટેડ કોવિડ હોસ્પિટલ ઊભી કરવામાં આવી છે તેની જાણકારી આપી હતી. સી.એમ. ડેશબોર્ડના માધ્યમથી રાજ્યની હોસ્પિટલોના વોર્ડસ અને સારવાર સેવાનું રિયલ ટાઈમ મોનિટરીંગ મુખ્યમંત્રી નિવાસેથી તેઓ સ્વયં કરી શકે છે તેવા વિકસાવેલા ડેશબોર્ડનું નિદર્શન મૂલાકાત આ ટીમને કરાવ્યા હતા.

કેન્દ્રીય ટીમે ગુજરાતમાં ઊદ્યોગો ફરી કાર્યરત થયા છે અને પરપ્રાંતિય શ્રમિકો હવે રોજી-રોટી માટે ફરી ગુજરાતમાં આવશે ત્યારે તેમના આરોગ્ય સુખાકારી, સ્ક્રીનીંગ, સારી આદતો કેળવવાનું પ્રશિક્ષણ અને મેડીકલ ચેકઅપ સહિતની એક જૈ બનાવી દેશ માટે ગુજરાત આ ક્ષેત્રે પણ રોલ મોડલ બની શકે તે માટે સૂચનો કર્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતમાં કોરોના સંક્રમિતોને સારવાર માટેનું માર્ગદર્શન અને લોકોને સતર્ક રહેવાની સમજ આપવા સરકારને મદદરૂપ થવા રાજ્યના શ્રેષ્ઠ તબીબોના એકસપર્ટ ગ્રૂપ ઓફ ડૉકટર્સની રચના કરવામાં આવી છે તેની પણ માહિતી કેન્દ્રીય ટીમને આપી હતી. એઈમ્સના ડાયરેકટર ડૉ. ગુલેરિયાએ ખાનગી ક્ષેત્રના અને સરકારી હોસ્પિટલોના ફિઝીયશન્સને ટ્રીટમેન્ટ પ્રોટોકોલ સમજાવવા એક વિડીયો કોન્ફરન્સનું આયોજન આવતીકાલે શનિવારે કરવામાં આવેલું છે તેની પણ વિગતો આપી હતી. કેન્દ્રીય ટીમે સુરતમાં ફિલ્ડ વિઝીટ દરમ્યાન તેમજ અમદાવાદમાં કન્ટેનમેન્ટ ઝોનની મૂલાકાત દરમ્યાન જોવા મળેલા 'કોરોના વોરિયર્સલ્સના મોરલની પણ પ્રસંશા કરી હતી.

કહેર યથાવત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ દર્દીના પરિવારના ૬ સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

સરદાર સરોવર નર્મદા નિગમમાં આસિ. ઈજનેર તરીકે નોકરી કરતી એક ૨૮ વર્ષીય મહિલા જે સે. ૧૪ માં રહે છે તેણીનીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ મહિલા દર્દીના પરિવારના પાંચ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

આજ સેક્ટરમાંથી એક ૫૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને પણ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ ગૃહીણીના પરિવારના પાંચ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

નેવીમાં દિલ્હી નોકરી કરતા અને સે. ૧૩-બી માં રહેતા એક અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જેમને સારવાર માટે આર્મી હોસ્પિટલ અમદાવાદમાં દાખલ કરવામાં આવ્યા છે.

રાજભવનમાં નાયબ સેકશન અધિકારી તરીકે ફરજો બજાવતા અને સે. ૪-બી માં રહેતા એક ૫૬ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ અધિકારીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ તેમના પરિવારના બે સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨૪ ના આદર્શનગરમાં રહેતા આર્મીમેન જેમની વય ૨૯ વર્ષની છે તેમનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. તેમના પરિવારના બે સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. આર્મીમેનેને સારવાર માટે આર્મી હોસ્પિટલ અમદાવાદમાં દાખલ કરવામાં આવેલ છે.

જીઈબી કોલોનીમાં રહેતા અને જીપીએસસીની સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા એક ૩૨ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવકનેસારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે. યુવકના પરિવારના એક સભ્યને હોમ ક્વોરોન્ટાઈન કરેલ છે.

સે. ૮ માંથી બે કેસ આજે મળ્યા છે. એક ૨૮ વર્ષીય યુવક જે પ્રાદેશિક કમિશનરની કચેરી ઉદ્યોગભવન ખાતે નોકરી કરે છે તેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવકે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ તેના પરિવારના ૩ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૮ માંથી એક ખાનગી તબીબનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આ તબીબે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ તબીબના પરિવારના ૩ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

પાણી પુરવઠા વિભાગમાં કાર્યપાલક ઈજનેર તરીકે સેવાઓ આપતા એક ૫૮ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ અધિકારી પાસે કચ્છનો હવાલો હોવાનું જાણવા મળેલ છે. આ અધિકારીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ અધિકારીના પરિવારના ૪ સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

સે. ૭-સી માંથી એક ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા કેવી રીતે સંક્રમિત થઈ તેની વિગતો તંત્ર દ્વારા મેળવવામાં આવી રહી છે. આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં ખસેડવામાં આવેલ છે. જ્યારે દર્દીના પરિવારના ૩ સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

શહેરમાં વધતા જતા કેસોની સાથે રિકવરી રેટ સારો હોવાનો દાવો તંત્રના સૂત્રો કરી રહ્યા છે. જો કે શહેરમાં હાલ કેટલા કન્ટેનમેન્ટ ઝોન છે તેને લઈ તંત્રએ ચૂપકીદી સેવી છે. શહેરમાં જે ગતિએ કેસો વધી રહ્યા છે તેને નિયંત્રિત કરવા તંત્રએ જન જાગૃતિ અભિયાન પણ હાથ ધર્યુ છે.

૨૪ કેસ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વાવોલ ગામેથી બે દર્દીઓ મળી આવ્યા છે. બન્ને દર્દીઓને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ઉવારસદમાંથી પણ એક ૫૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તો તાલુકાના શેરથા ગામેથી ધીમી ગતિએ જે કેસો મળી રહ્યા છે તેણે તંત્રની ચિંતામાં વધારો કર્યો છે. શેરથામાંથી આજે એક મહિલા દર્દીનો કેસ મળી આવ્યો છે. ગઈકાલે ૪ કેસ આ ગામેથી મળ્યા હતા. શેરથામાં અત્યાર સુધીમાં ૮ જેટલા કેસ નોંધાયા હોવાનું જાણવા મળેલ છે. દહેગામમાંથી ૩ કેસ મળ્યા છે. બે કેસ દહેગામ અર્બનમાંથી મળ્યા છે. જ્યારે એક કેસ શબ્દલપુર ગામેથી મળ્યો હોવાનું જાણવા મળેલ છે. માણસા અર્બનમાંથી એક ૪૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કલોલમાંથી આજે પાંચ કેસ મળ્યા છે. જેમાં ૪ ગ્રામ્ય વિસ્તારમાંથી અને એક કેસ કલોલ અર્બનમાંથી મળી આવેલ છે. મળતી વિગતો પ્રમાણે પલસાણા, બોરીસણા, નાસ્મેદ, સઈજ અને અર્બન-૧ માંથી એક કેસ મળી આવેલ છે. તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં હાલ ૧૭૧ કેસો એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ૫૦૦ દર્દીઓને રિકવર થઈ જતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આજે ૧૯ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યું હોવાનું આ સૂત્રોએ જણાવ્યું છે. જિલ્લામાં હાલ ૨૩,૫૧૨ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ છે. જેમાં ૭૦ પ્રાઈવેટ ફેસીલીટી સેન્ટરમાં, ૯૧ સરકારી ફેસીલીટી સેન્ટરમાં અને ૨૩,૩૫૧ લોકો હોમ ક્વોરોન્ટાઈન હેઠળ છે.

ઘમરોળાયું...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વળ્યા હતા. જયારે સેકટરોના કોમન પ્લોટ સહીત ખુલ્લા મેદાનો પણ બેટમાં ફેરવાઈ ગયા હતા હજુ આજે સાંજે પણ આ કોમન પ્લોટમાં વરસાદી પાણીનો ભરાવો જોવા મળ્યો હતો. બે દિવસ અગાઉ પણ શહેરમાં સાંજના સમયે વરસાદનુ ભારે ઝાપટુ વરસતા ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. બે દિવસમાં શહેરમાં ૪ ઈંચ વરસાદ નોંધાયો છે. સતત બીજા દિવસે ગઈકાલે સાંજે શહેરમાં વરસાદ વરસ્યો હતો જો કે વરસાદનુ જોર વધુ હોવાથી પલવારમાં જ શહેરમાં ઠેર ઠેર પાણી ભરાઈ ગયા હતા. મોડી સાંજે વરસાદ વરસતા જનજીવન પણ વિશેષ પ્રભાવિત થયુ હતુ. છેલ્લા બે દિવસથી વરસાદ રોજ સાંજે મનમુકીને વરસતા નગરજનોને ગરમીમાં રાહત મળી છે. જયારે વરસાદી મોસમ નિખરતા વાતાવરણમાં પણ સાર્વત્રિક ઠંડક પ્રસરી છે. શહેરમાં અત્યાર સુધી સિઝનનો ૧૪ ઈંચ વરસાદ નોંધાયો છે. ગાંધીનગર જિલ્લામાં અત્યાર સુધી સિઝનનો ૩૦ ટકા વરસાદ થઈ ગયો છે.

એક પણ ઈંચ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

પરથી મામલાનો ઉકેલ આવવો જોઈએ. ક્યાં સુધીમાં ઉકેલ આવશે તેની ગેરંટી નથી. પરંતુ એટલો વિશ્વાસ હું ચોક્કસ અપાવા માંગું છું કે ભારતની એક ઈંચ જમીન પણ દુનિયાની કોઈ તાકાત અડી શકે તેમ નથી, તેના પર કોઈ કબ્જો કરી શકે તેમ નથી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત સશક્ત છે. તેને કોઈ સ્પર્શ પણ કરી શકશે નહીં.

જવાનોને સંબોધિત કરતાં રક્ષામંત્રી રાજનાથ સિંહે કહ્યું કે ભારત દુનિયાનો એકમાત્ર દેશ છે જે આખા વિશ્વને શાંતિનો સંદેશો આપે છે. આપણે કોઈ પણ દેશ પર કયારેય આક્રમણ કર્યું નથી અને ના તો કોઈ દેશની જમીન પર આપણે કબ્જો કર્યો છે. ભારતે વસુધૈવ કુંટુંમ્બકમનો સંદેશ આપ્યો છે. રક્ષામંત્રી રાજનાથ સિંહે કહ્યું કે આપણે અશાંતિ ઈચ્છતા નથી આપણે શાંતિ ઈચ્છીએ છીએ. આપણું ચરિત્ર રહ્યું છે કે આપણે કોઈપણ દેશના સ્વાભિમાનને ઠેસ પહોંચાડવાની કોશિષ કરતા નથી. ભારતના સ્વાભિમાન પર ચોટ પહોંચાડવાની કોશિષ કરી તો આપણે કોઈપણ સૂરતમાં સહન કરીશું નહીં અને જડબાતોડ જવાબ આપીશું.

કાળો કહેર...

● અનુસંધાન પહેલાનું ચાલુ

દેશમાં સંક્રમણથી મોતનો આંકડો ૨૫ હજાર ૬૦૯ પર પહોંચી ગયો છે. દેશમાં અત્યારે ૩ લાખ ૪૨ હજાર ૭૯૭ લોકો સારવાર હેઠળ છે. જોકે ગુરૂવારે રેકોર્ડ સમાન એક જ દિવસમાં ૨૨ હજાર ૮૩૪ દર્દી સાજા પણ થયા હતા. એક દિવસમાં સાજા થવાનો આ અત્યારસુધીનો સૌથી મોટો આંકડો છે. આ પહેલા ૧૪ જુલાઈએ સૌથી વધુ ૨૦૯૬૮ દર્દી સાજા થયા હતા. સાજા થયેલા દર્દીઓની સંખ્યા વધીને ૬ લાખ ૩૬ હજાર ૫૬૯ થઈ ગઈ છે. જ્યારે, મહારાષ્ટ્રમાં દર્દીની સંખ્યા હવે ૩ લાખ તરફ આગળ વધી રહી છે. જો નવા દર્દી વધવાનું નહીં અટકે તો સમગ્ર દેશમાં ઓગસ્ટમાં પ્રથમ સપ્તાહ સુધીમાં ૨૦ લાખ દર્દી થઈ શકે

સૂત્રોએ કહ્યું કે, અનલોક-૧ કરતાં અનલોક-૨માં કેસોમાં તીવ્ર ગતિએ વધારો જોવા મળ્યો છે. જેના કારણોમાં અનલોક-૨માં વધારે છૂટછાટ આપવામાં આવી છે. જે કે હજુ શાળા-કોલેજો, જીમ, સિનેમા વગેરે.ને મંજીરી મળી નથી. જો મોટી સંખ્યામાં લોકો એક સ્થળે નજીક નજીક બેસતાં હોય તેવી પ્રવૃતિઓને મંજૂરી મળે તો સંક્રમણ ફેલાવાની શક્યતા રહેલી હોવાનું નિષ્ણાતો માની રહ્યાં છે. બીજી તરફ બિહાર સહિત કેટલાક શહેરોમાં આંશિક અને પૂર્ણ લોકડાઉન અમલમાં આવી ગયો છે.

ખોટું નથી...

● અનુસંધાન પહેલાનું ચાલુ

અને હાઈ સ્પીડને કારણે વાહન પલટી ગયું હતું. વાહનમાં સવાર પોલીસ કર્મચારીને ગંભીર ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્ત એક કર્મચારી પાસેથી વિકાસ દુબેએ પિસ્તોલ છીનવી હતી. તેને સમર્પણ કરવાનું કહેવામાં આવ્યું, પરંતુ તેણે આમ કરવાનો ઈનકાર કર્યો અને પોલીસ પર ગોળીબાર કર્યો. ગેંગસ્ટર વિકાસ દુબેને ૯ જુલાઈએ સવારે ઉજ્જૈનના મહાકાલ મંદિરથી ધરપકડ કરવામાં આવી હતી. ધરપકડ બાદએસપી મનોજસિંહે કહ્યું કે તે સવારે ૩.૫૮ વાગ્યે રાજસ્થાનના ઝાલાવાડથી ઉજ્જૈનમાં દેવસ્ગેટ બસ સ્ટેન્ડ પહોંચ્યો હતો. ત્યાંથી ઓટોમાં બેસીને રામઘાટ ખાતે શિપ્રા નદીમાં સ્નાન કરવા ગયા હતા. ત્યારબાદ તે સવારે ૭.૪૫ વાગ્યે મહાકાલ મંદિર પહોંચ્યો હતો. અહીં તેણીને સૌ પ્રથમ ફૂલની દુકાનના માલિક દ્વારા જોવામાં આવી હતી. ત્યારબાદ તેને મંદિરમાં તૈનાત સુરક્ષા રક્ષકોએ ધરપકડ કરી હતી.

મારું સપનું...

● અનુસંધાન પહેલાનું